જનસંપર્ક અધિકારી,

પોલીસ કમિશનરશ્રીની કચેરી,અમદાવાદ શહેર

પી.આર.ઓ. : ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩

કંટ્રોલરૂમ નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૨૫/૧૨/૨૦૨૫ ગુરૂવાર

અમદાવાદ શહેર પોલીસ સમાચાર

નશાબંધી તથા જુગાર ધારા હેઠળ ઝડપાયાઃ– **સમાચાર યાદી નં.૧૮૧૬/૨૦૨૫**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૯૧ કેસ કરી, ૯૦ વ્યક્તિઓને ઝડપી, ૭૨૯ લીટર દેશી દારૂ, ૯૪ બોટલ ઈંગ્લીશ દારૂ, ૪૫૩ ક્વાર્ટર ઈંગ્લીશ દારૂ, ૧૩૩ બીયર ટીન અને ૦૧ રીક્ષા કબજે કરી હતી. તેમજ જુગાર ધારા હેઠળ ૦૪ કેસ કરી ૧૫ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૩૮,૧૨૦/– અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ– **સમાચાર યાદી નં.૧૮૧૭/૨૦૨૫**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ બી.એન.એસ.એસ.૧૨૬,૧૨૮,૧૨૯,૧૭૦ મુજબ ૯૯ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી.૯૩ મુજબ ૦૮ વ્યક્તિઓની અટકાયત અને પાસા હેઠળ ૦૨ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

ચોરીઃ– **સમાચાર યાદી નં.૧૮૧૮/૨૦૨૫**

સોલા હાઈકોર્ટઃ આદર્શ અશોકજી માળી (રહે. આઈસીબી સીટી સોસાયટી વંદે માતરમ ગોતા) એ તા.૨૪/૧૨/૨૦૨૫ ના રોજ સોલા હાઈકોર્ટ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૧૯/૧૨/૨૦૨૫ સવારના ૦૯/૦૦ થી બપોરના ૦૩/૦૦ વાગ્યા સુધીના સમયગાળા દરમ્યાન ચાંદલોડીયા જગતપુર રોડ સરસ્વતી સ્કુલની બાજુમા રણછોડનગર વિભાગ–૦૧ સામે રાજ જ્વેલર્સ નામની પોતાની દુકાનમાં આવેલ ચાર અજાણી સ્ત્રીઓ સેલ્સમેનની નજર ચુકવી સોનાની બુટી નંગ–૦૨ તથા સોનાની નથણી નંગ–૦૨ મળી કુલ રૂપિયા ૫૧,૦૦૦/– મતાની ચોરી કરી લઈ ગઈ છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી બિ.પી.ડિન્ડોર ચલાવે છે.

સોનાની ચેઈન ઝુટવી લઈ ગયોઃ– **સમાચાર યાદી નં.૧૮૧૯/૨૦૨૫**

શહેરકોટડાઃ હાર્દિકભાઇ અરવિંદભાઇ પટેલ (ઉ.વ.૩૨) (રહે. ગ્રીન રેસીડેન્સી, ડી–માર્ટ સામે, ડીન્ડોલી રોડ સુરત) એ તા.૨૪/૧૨/૨૦૨૫ ના રોજ શહેરકોટડા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૨૧/૧૨/૨૦૨૫ રાતના ૦૮/૦૦ વાગ્યાના સબંધીના એક્ટીવા ઉપર બેસી કુકરવાડા બેંક સામે હઠીલા હનુમાન મંદિર નજીકથી પસાર થઈ રહ્યા હતા ત્યારે મોટર સાયકલ ઉપર આવેલ એક પુરૂષ હાર્દિકભાઈ પટેલના ગળામાંથી સોનાની ચેઇન પેડલ સહીત કિમત રૂપિયા ૧,૫૦,૦૦૦/– ઝુટવી લઈ નાસી ગયો હતો. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી આર.એમ.ચાવડા ચલાવે છે.

આત્મહત્યાઃ– **સમાચાર ચાદી નં.૧૮૨૦/૨૦૨૫**

અમરાઈવાડીઃ હિરાબહેન કાન્તિલાલ જાદવ (ઉ.વ.૬૨) (રહે. શક્તિ નગર વિભાગ–૧ નેશનલ હેન્ડલુમ પાછળ અમરાઈવાડી) એ બિમારીથી કંટાળી તા.૨૩/૧૨/૨૦૨૫ કલાક ૯/૦૦ વાગ્યા પહેલા પોતાના ઘરે ઝેરી પ્રવાહી પી લેતા તેમનું મૃત્યું નિપજ્યું હતું. આ અંગે અમરાઈવાડી પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પો.સ.ઈ.શ્રી બી.કે.જાડેજા ચલાવે છે.

ઓઢવઃ અનિલકુમાર શિતલાપ્રસાદ ગૌતમ (ઉ.વ.૩૬) (રહે. પ્રજાપતિની ચાલી ભવાનીનગર ગેટ નંબર–૧ સી.એમ.સી.વેરા પાસે ઓઢવ) એ અગમ્ય કારણસર તા.૨૩/૧૨/૨૦૨૫ રાતના ૦૮/૦૦ થી તા.૨૪/૧૨/૨૦૨૫ સવારના ૦૮/૦૦ વાગ્યા સુધીના સમયગાળા દરમ્યાન પોતાના ઘરે લોખંડની એંગલ સાથે સાડી બાંધી ગળાફાંસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે ઓઢવ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ મ.સ.ઈ.શ્રી પ્રધાનજી ખેંગારજી ચલાવે છે.

કૃષ્ણનગરઃ જીગ્નેશકુમાર શાંતિલાલ જેઠવા (ઉ.વ.૫૧) (રહે. ગોપીપાર્ક સોસાયટી બજરંગ આશ્રમ પાછળ હીરાવાડી) એ અગમ્ય કારણસર તા.૨૪/૧૨/૨૦૨૫ બપોરના ૦૧/૦૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે ઝેરી દવા પી લીધી હતી. સારવાર માટે તેમને હોસ્પીટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. જ્યાં સારવાર દરમ્યાન તેમનું મૃત્યું નિપજ્યું હતું. આ અંગે કૃષ્ણનગર પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ મ.સ.ઈ.શ્રી કાલીશકુમાર બીપીનભાઈ ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
પી.આર.ઓ. યુનિટ
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી